R.N.I. No. : 66450/97 GAMC NO. : Guj/189 /2012-14/ Valid upto31 Dec/ 2014 -Posted at A'bad PSO - Monday

Ahmedabad Jurisdiction

અમદાવાદથી દર શનિવારે પ્રસિદ્ધ થતું સાપ્તાહિક

# ગરવી નવક્રાન્તિ

http://jagadishchristian.com

ટે.નં.૦૭૯-૬૫૨૧૪૭૫૬ (મો).૯૮૨૫૧૬૯૩૮૬

તંત્રી : પ્રશાંત ધોળકીયા .મેનેજીંગતંત્રી: મિનાક્ષી ધોળકીયા

email:garvinavkranti @ yahoo.com

આપનું લવાજમ બાકી છે ? હા( )ના( )

If undelivered pl.return to સરનામાનું સ્ટીકર ઉખાડયા વગર પરત કરો

કાર્યાલય :૨/૧૦ સોનિયા એપાર્ટમેન્ટ પી.ટી.કોલેજરોડ,નારાયણનગર પાલડી,અમદાવાદ-૭

ESTD. YEAR - 18 •ISSUE: 47 DATE: 22-11-2014 •SATURDAY• PAGES: 4•PRICE Rs.1 •YERLY SUB: Rs. 60/-

## અમેરિકામાં ગેરકાયદેસર વસતા લોકો માટે નવી ઈમીગ્રેશન નીતિની જાહેરાત

અમેરિકાના પ્રમુખ બરાક ઓબામાએ નવી ઈમીગ્રેશન નીતિની જાહેરાત કરી હતી.અમેરિકાની ઈમીગ્રેશન સીસ્ટમને સુદઢ બનાવવાની પ્રતિબધ્ધતા વ્યક્ત કરતાં પ્રમુખે ૫૦ લાખ જેટલા ગેરકાયદેસર સ્થળાંતરીઓને દેશનિકાલ સામે સંરક્ષણ આપવાની જાહેરાત કરી છે.

અમેરિકામાં ગેરકાયદેસર રીતે રહેતા પરિવારો કાયદેસર વર્ક પરમિટની માંગ કરી શકશે.આગામી વર્ષના પ્રારંભથી અમલી બનનારી આ યોજનામાં ગેરકાયદે વસાહતીઓને ૩ વર્ષ સુધી દેશનિકાલની પ્રક્રિયામાંથી મુક્તિ અને અમેરિકામાં કાયદેસર કામ કરવાનો અધિકાર અપાશે.આ યેજનાનો લાભ અમેરિકાનું નાગરિકત્વ ધરાવતાં ૪૦ લાખ જેટલા લોકોના ગેરકાયદેસર રીતે રહેતા માંત-પિતા અને ૧૬ વર્ષની ઉમર પહેલાં અમેરિકામાં આવીને વસેલા ગેરકાયદે વસાહતીઓને મળશે.

પાંચ વર્ષ કરતાં વધુ સમયથી અમેરિકામાં વસવાટ કરતાં તમામ ગેરકાયદે વસાહતીઓ અને અમેરીકી નાગરિક હોય તેવું બાળક ધરાવતાં ગેરકાયદે વસાહતી અથવા તો લીગલ પરમેનન્ટ રેસિડેન્ટ ૩ વર્ષની વર્કપરમિટ માટે અરજી કરી શકશે.૧૬ વર્ષની ઉંમર પહેલા અમેરિકામાં આવી વસેલા યુવા ગેરકાયદે વસાહતીઓને હંગામી રેસિડેન્સી પુરી પાડતી યોજનાને વ્યાપક બનાવી છે.લાખો એચવન બી વિઝા ધારકો હવે સહેલાઈથી નોકરી બદલી શકશે.નવા નિયમોમાં એચવનબી વિઝાધારકના જીવનસાથીને વર્કપરમીટ મળશે.જેને કારણે લાખો ભારતીય એચવનબી વિઝા ધારકો અને તેમના જીવનસાથીઓને લાભ મળશે.

પોલીસીની નવી જોગવાઈ મુજબ કોઈ ગેરકાયદે વસાહતીને અમેરિકાની નાગરીકતા કે કાયમી વસવાટની પરવાનગી મળશે નહીં.અમેરિકન નાગરિકોને મળતા લાભો પણ મળશે નહી.આ પરવાનગી માત્ર સંસદ આપી શકે છે.હાલમા અમેરિકામાં કુલ ૧.૧૩ કરોડ ગેરકાયદેસર વસાહતીઓ વસે છે.અમેરિકી પ્રમુખે જાહેર કરેલ નવી ઈમીગ્રેશન નીતિને કારણે ૫૦ લાખ ગેરકાયદે વસાહતીને દેશનિકાલની કાર્યવાહીમાં રાહત મળશે.

## ભારતના પ્રજાસત્તાક દિને અમેરિકાના પ્રમુખ મુખ્ય અતિથિ બનશે

૨૬મી જાન્યુઆરી,૨૦૧૫ના રોજ દેશના પ્રજાસત્તાક દિને ભારતના વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ અમેરિકાના પ્રમુખ બરાક ઓબામાને મુખ્ય અતિથિ તરીકે પધારવા માટે આમંત્રણ આપ્યું હતું તેનો અમેરિકી પ્રમુખે સ્વીકાર કર્યો છે.પ્રજાસત્તાક દિને ઉપસ્થિત રહેનારા બરાક ઓબામા અમેરિકાના પ્રથમ પ્રમુખ હશે જેઓ ભારતમાં આ પ્રસંગે આવશે.

ભારતની એ પરંપરા રહી છે કે દર પ્રજાસત્તાક દિનની ઉજવણી નિમિત્તે આપણે કોઈપણ દેશના વડાને અતિથિ તરીકે આમંત્રણ આપીએ છીએ. પરંતુ આ વખતે વિશ્વની નંબર વન ગણાતી હસ્તીને આવવાનું આમંત્રણ અપાયું અને તેમણે સ્વીકાર્યુ તે આપણા માટે ગૌરવની બાબત છે.આના કારણે ભારત અને અમેરીકા વચ્ચેના સબંધોમાં નિકટતા વધશે.

**ગ્રાહક મિત્રોને વિનંતી.**

આપનું લવાજમ બાકી છે/પૂરું થયેલ છે.લવાજમ અને આર્થિક સહયોગ મનીઓર્ડરથી નીચેના સરનામે મોકલી શકો છો.

**ગરવી નવક્રાન્તિ સાપ્તાહિક**

૨/૧૦ સોનિયા એપાર્ટ. પીટીકોલેજ રોડ,નારાયણ નગર અમદાવાદ - ૭

ફોન નં. ૯૮૨૫૧૬૯૩૮૬- ૦૭૯ ૬૫૨૧૪૭૫૬

## ગોધરાકાંડ રમખાણો કેસમાં મોદીને માફી આપવા સામે રાઇટ ગ્રુપનો વાંધો

૨૦૦૨ના ગુજરાત રમખાણોમાં તે વખતના મુખ્યમંત્રી શ્રી નરેન્દ્ર મોદી સામે થયેલા આક્ષેપોને કારણે અમેરિકાએ તેમને વિઝા આપવાની મનાઈ કરી હતી.અમેરિકા સ્થિત રાઈટ ગ્રુપ દ્વારા મોદી સામે અમેરિકન સરકાર દ્વારા ઉઠાવાયેલ વાંધાઓ ક્યા કારણસર ફગાવાયા તે જાણવા માટે કોર્ટમાં અરજી કરતાં કોર્ટે અમેરિકી સરકારને ૧૦ ડીસેમ્બર સુધીમાં આ કિસ્સામાં કાયદાકીય આધાર જણાવવા જણાવ્યુ હતું.

એક સમયે અમેરિકી સરકારને મોદીને વિઝા આપવા સામે વાંધો હતો. તે જ અમેરિકાએ તેમને ઉષ્માભર્યુ સ્વાગત કર્યું છે. ૨૦૦૨ની સાલમાં ગુજરાતમાં ગોધરાકાંડને કારણે થયેલ રમખાણોમાં તેમની ભુમિકા અંગે કેસ દાખલ થયો હતો.અમેરિકન જસ્ટીસ સેન્ટરે એક મેમોરેન્ડમ દાખલ કરીને જણાવ્યુ હતું કે મોદી સામેના વાંધાઓ બાજુએ મુકવા માટે કાયદાકીય રીતે કયા કારણ છે તે સરકાર જણાવે.માનવાધિકાર સબંધમાં મોદીની સામે વાંધાઓ દુર ન થવા જોઈએ. જેને અમેરીકા વિઝા આપવા તૈયાર નહોતું તે તેને લાલ જાજમ પાથરીને સ્વાગત કેમ કરી શકે ?

અમેરીકન જસ્ટીસ સેન્ટરના પ્રમુખ જોસેફે વિશ્વાસ વ્યક્ત કર્યો છે કે મોદી સામેના કેસ માટે કાયદાકીય આધાર શું હતો અને છે.ગુજરાતના પીડીતો એવું ઈચ્છે છે કે અમેરીકા પોતાની રીતે મોદી સામે આગળ વધે.વડાપ્રધાન તરીકે નહી પણ ગુજરાતના મુખ્ય પ્રધાન તરીકે એમણે કરેલા કાર્યોને માફ ન કરી શકાય.એ જેસીના જણાવ્યા મુજબ મોદી સામે ફોરેન સોવ્રેઈન ઈમ્યુનીટી એકટનો ઉપયોગ થયો નથી. જો કે હજુ સુધી અમેરીકામાં ગુજરાતના રમખાણો બાબતે મોદીને લોકોના હ્દયમાંથી ક્લીન ચીટ મળી નથી.

## એક સરખા નાગરિક અધિકાર મેળવવાની ઝુંબેશ હેઠળ નવી દિલ્હીમાં પ્રથમ દલિત ચર્ચની સ્થાપના



નવી દિલ્હીમાં દલિત ભારતીય ચર્ચની સમાન નાગરિક અધિકારો મેળવવાના સંઘર્ષ સામે સ્થાપના કરવામાં આવી છે.દલિત પોપ ઈરુથાયરાજ થુસનીવીશે ગત શુક્રવારે બાયબલ ભવન,અમ્રીત શેરગીલ માર્ગ નવી દિલ્હી ખાતે આ દલિત ચર્ચનું ઉદ્‌ઘાટન કર્યું હતું.આ ઉદ્‌ઘાટન વિધિ વખતે પાસ્ટર્સ,ચર્ચ લીડર્સ,હ્યુમન રાઈટ્સ એક્ટીવીસ્ટો, તેમજ શુભ ચિંતકો હાજર રહ્યા હતા.ભુતપુર્વ ડીઆઈજી અને એક્ટીંગ મેમ્બર,પાર્લામેન્ટ,આ પ્રસંગે હાજર રહ્યા હતા.તેમણે આ દેશમાં દલિત નાગરિકોને સમાંતર અધિકારો મળે માટે પોતાની લાગણી પ્રદર્શિત કરી હતી.

દલિત ચર્ચના ઉદ્‌ઘાટન પ્રસંગની સાથે સાથે શ્રી એસ.એરોકીયાદોસ એલીયાસ ટીમોથી દલિત ચર્ચના પ્રથમ પાદરી તરીકે દિક્ષાર્થી બન્યા હતા. તેમને દલિત એપોસ્ટલ તરફથી દિક્ષા આપવામાં આવી હતી.તેઓ ફાઉન્ડર અને હેડ ઓફ દલિત કેથોલીક ચર્ચ, અને પેટ્રીઆર્ચ ઓફ દલિત સીટી, ડાયોસીસ ઓફ તામીલ નાડું છે.

આ પ્રસંગે બોલતાં દલિત એપોસ્ટલ થુનીવીશે જણાવ્યુ હતું કે જીસસ એક દલિત હતા.તેઓ દલિતોની તકલીફો સમજી શકતા હતા.જે પ્રમાણે દલિત મોઝીસે દલિત ઈઝરાયેલ પ્રજાને ઈજીપ્તમાંથી ઉગારી હતી.હું આશા રાખું છું કે ચર્ચ અને તેમના પાદરીઓ આજ રીતે કાર્ય કરશે.પ્રભુ તમારી સાથે છે.તેવું તેમણે જણાવ્યું હતું.એપોસ્ટલની સાથે મદદગારીમાં રેવ એમ.એસ. સ્ટેનલી, બિશપ ઓફ ગોસ્પલ પ્રેયર ચર્ચ,કાન્ચીપુરમ હતા જેમણે ભારતીય દલિત ચર્ચના નવા પાળકને દિક્ષા આપવાની વિધિમાં મદદ કરી હતી.

દલિત ચર્ચની સ્થાપના કરવા પાછળનો હેતુ શો છે તે બાબતે શ્રી ફ્રેન્કલીન સીઝર થોમસ,પ્રોમીનંન્ટ દલિત કાર્યકર અને સુપ્રીમ કોર્ટના એડવોકેટ તેમજ

**ગરવી નવક્રાન્તિ સાપ્તાહિક વેબ સાઇટ ઉપર જોઇ શકો છો**

http://jagadishchristian.com

ઉપરોક્ત વેબ સાઈટ ઉપરાંત ફેસબુક http://facebook.com/robin.dholakia ઉપર પણ જોઈ શકાશે.

## ગરવી નવક્રાંતિ

૨૦૦૨ના ગોધરાકાંડ બાદ થયેલ કોમી રમખાણોમાં સરકાર,સરકારી અધિકારીઓની સંડોવણી વિગેરે માટે સરકારે તાત્કાલિક નાણાવટી તપાસ પંચની રચના કરી હતી. જે રમખાણો કરનાર અને કરાવનાર લોકોની પૃષ્ઠી કરે.જો કે ખરેખર દેખાતો આ હેતુ અંદરથી કળાયેલો જ હતો.જેમની ભારોભાર સંડોવણીની શંકાઓ હતી તેમને ક્લીનચીટ આપવાનો હેતુ હતો,એવું લોકમુખે ચર્ચાતું હતું.વર્ષોના વહાણા વહી ગયાં અનેક વખતે આ પંચની મુદતો વધતી જ ગઈ અને આખરે તેનો કાર્યકાળ પુરો થયો અને તેનો રીપોર્ટ સરકારને સુપ્રત કરી દેવાયો.હવે સરકારને તે જોવાનું રહે છે કે આ પંચનો રીપોર્ટ માન્ય રાખવો કે નહીં.સરકારની ઈચ્છા હશે તો તેને વિધાનસભામાં મુકવામાં આવશે.અને જો તેને જાહેર કરવાનો જ નહી હોય તો તેને કોરાણે મુકી દેવાશે.

આજ સુધી નિમાયેલા મોટા ભાગના તપાસ પંચો કે કમિશનો માત્ર સરકારોએ પોતાના માથે આવેલ જવાબદારીઓમાંથી યેન કેન પ્રકારે છુટી જવા માટે જ આવા પંચો કે કમિશનો નિમે છે.જેથી લોકોનો ગુસ્સો ફાટી ના નિકળે.પંચો અને કમિશનોની મુદતો એટલી બધી લાંબી હોય છે કે લોકોનો સરકાર પ્રત્યેનો આક્રોશ કે ગુસ્સો ઓછો થઈ જાય છે.આમ સુળીનો ઘા સોઈથી ટાળવા માટે સરકારો પંચો કે કમિશનોનો ઉપયોગ કરે છે.ખેર,૨૦૦૨માં જેનોસાઈડ ગણાયેલ રમખાણોમાં અન્ય કોઈ તપાસ કરવા દેવાઈ નહી અને તમામ આ કાર્યમાં સંડોવાયેલાઓ હેમખેમ બહાર નીકળી ગયા.

## મંતવ્ય

આ દેશને મંત્ર તંત્ર,વશીકરણ,દોરા ધાગા,ધાર્મિક અંધશ્રધ્ધાળુઓ,અને બાવાઓનો દેશ પરદેશીઓ કહેવડાવતા હતા.અને આપણા પ્રત્યે નારાજગી દેખાડતા હતા. પરંતુ છેલ્લા કેટલાક સમયથી જે બનાવો બહાર આવી રહ્યા છે તે ઉપરોકત બાબતોમાં સત્ય છે તેવું બતાવવા મથે છે.તાજેતરમાં એક કહેવાતા સાધુ રામપાલે હરિયાણા રાજ્યમાં તેમના આશ્રમમાં જે રીત રસમો અપનાવી તે જોઈને આપણને પુરાણા જમાનામાં ડાકુઓ જે પ્રમાણે વર્તતા હતા તેવી રીત અપનાવી.ખરેખર રામપાલના આશ્રમમાંથી પોલીસ જપ્ત કરેલ હથિયારો કેવી રીતે ત્યાં આવ્યા તે પણ તપાસનો વિષય છે.સાધુના સ્વાંગમાં આ શેતાનના રુપ રંગ મીડીયાએ જાહેર કર્યા ત્યારે આપણે અચંબિત થઈ જઈએ છીએ.સાધુના શયનકક્ષમાં એસી હજાર રુપીયાનો પલંગ હતો. દેશમાં લોકોને માટે શૌચાલયની તંગી છે ત્યાં આ સાધુ માટે ૧ કરોડના ખર્ચે બનાવાયેલ શૌચાલય હતુ. તેમજ અનેક બીજી વ્યવસ્થાઓ હતી જે રાજા મહારાજાઓ કરતાં પણ વિશેષ હતી.સાધુનો મતલબ એ છે કે સંસારની તમામ સવલતો,મોજશોખ વિગરેનો ત્યાગ કરીને સંન્યાસી બને તેને સાધુ કહેવાય.પરંતુ તમામ સવલતો અને મોજશોખ માટે બનતા સાધુ અલગ પ્રકારના હોય છે.તે આ સાધુએ સાબિત કર્યું છે. હવે દેશના મોટાભાગના સાધુઓ માટે લોકો એવું વિચારતા જરુર થઈ જશે કે ખરેખર આ સાધુ છે કે શેતાન તે નક્કી કરવા તારણો ગોતવાના શરુ કરશે.આવા સાધુ અને શેતાનોની પાછળ આ દેશની અંધશ્રધ્ધાળુ પ્રજા કેટલી હદે તેમની પુજા કરે છે. તે બે પ્રસંગોમાં દેખાયું. આ પહેલા આશારામ બાવાના કરતુતોને પણ તેમના અનુયાયીઓએ ભગવાનની લીલા જ કહી હતી.દેશને આવા બાવાઓથી કોણ બચાવશે. મહેશ. એચ.મકવાણા.


**જાહેરાત માટે સંપર્ક કરો**

આપની વ્યવસાયલક્ષી કે લગ્ન સબંધી,જાહેરાત વિશાળ વાચક વર્ગ સુધી ઝડપથી પહોચાડવા માટે અમારો સંપર્ક કરો.

નવક્રાન્તિ સાપ્તાહિક 9825169386

**ડૉ.હેમેન્દ્ર જી. પરીખ**

પી.જી.યોગા,ડીએચએમએસ

**યોગ -હોમીયોપેથીક કન્સલ્ટન્ટ**

એકસ.સીની.કન્સલ્ટન્ટ,
રાજસ્થાન હોસ્પીટલ,અમદાવાદ
એકસ.સીની.કન્સલ્ટન્ટ
મોરારજી દેસાઇ આરોગ્યધામ,
હેલ્થ-વેલ્થ પ્લાનર
ગેસ્ટ કોલમીસ્ટ, ગુજરાત સમાચાર, દિવ્યભાસ્કર
મો.૯૩૭૬૧ ૦૦૮૯૮
E.mail : drhamparikh@yahoo.co.in


## ઇન્ટરનેશનલ જીવનસાથી પસંદગી વિભાગ (યુવકો)(૩૪)

| નંબર | શૈક્ષણીક લાયકાત | જન્મ તારીખ | માસિક આવક | મિશન | સ્થિતિ |
|---|---|---|---|---|---|
| ૧૯૮ | બી.એ.ડીપ્લો.મીકેનીક,એમઆઈટી.ઈન્ફો.ટેકનો.(ઓસ્ટ્રે.) | ૭-૭-૭૭ | ૬૦૦૦ ડોલર | સા.આર્મી. | કુંવારા |
| ૧૬૩ | બીકોમ.બીબીએમ કોમ્પ્યુ.ટેલી.એમબીએ (ફ્રાંસ) | ૧૦-૧૦-૮૪ | - | આર.સી. | કુંવારા |
| ૧૬૫ | પીટીસી.કોમ્પ્યુ.એન્ડ વેલ્ફેર(ઓસ્ટ્રે) | ૮-૧૨-૮૩ | ૧લાખ | આર.સી. | કુંવારા |
| ૨૦૫ | હોટેલ મેનેજમેન્ટ.માસ્ટર.ટુરીઝમ એન્ડ હોસ્પી.(ઓસ્ટ્રે) | ૨૯-૮-૮૧ | ૩૦૦૦ડોલર | મેથો. | કુંવારા |
| ૨૦૭ | ઈન્ફો.ટેકનો.બી.ઇ.(લંડન) | ૨૬-૩-૮૨ | ૧૦૦૦પાઉન્ડ | આર.સી. | કુંવારા |
| ૨૧૧ | બેચલર એન્જી.ઇન.ઈન્ફો.ટેકનો.(આઈટી)દુબઈ | ૧૧-૧-૮૬ | ૬૦૦૦૦ | સા.આર્મી. | કુંવારા |
| ૨૨૧ | એમએસસી.બીઇ મીકે.(લંડન ) | ૨૧-૭-૭૬ | ૫૦૦૦૦ | આર.સી. | કુંવારા |
| ૨૩૪ | બેચલર હોટલ એન્ડટુરી. મેનેજમેન્ટ,એમબીએ.(યુએસ) | ૩૦-૬-૮૯ | ૧લાખ | આર.સી. | કુંવારા |
| ૨૫૯ | બેચલર ઓફ કોમ્પ્યુ.એપ્લી.બીસીએ (જર્મની. ) | ૭-૧૦-૮૭ | - | મેથો. | કુંવારા |
| ૨૬૩ | બીએસસી.(અમેરીકા) | ૨૭-૪-૮૭ | ૪૦૦૦ડોલર | મેથો. | કુંવારા |
| ૩૦૦ | બી.એ.( લંડન ) | ૭-૯-૮૫ | ૧.૨૫લાખ | આર.સી. | કુંવારા |
| ૩૦૧ | ગ્રેજ્યુએટ,પીજીડી,બીઝ.મેને. (યુ.કે. ) | ૨૧-૮-૭૯ | ૨૫૦૦પાઉન્ડ | મેથો. | કુંવારા |
| ૩૧૦ | ૨વર્ષ આર્ટ્સ કોલેજ,મેડી.હોસ્પી.સર્વીસ(ઈઝરાયેલ ) | ૧૮-૧૦-૭૭ | ૬૦૦૦૦ | આર.સી. | કુંવારા |
| ૩૧૨ | બીબીએ(૨વર્ષ)ટીબીએમ ઈન્ટ.બીઝ.મેને.(કેનેડા) | ૩૦-૯-૮૭ | ૧૨૫૦૦૦ | આર.સી. | કુંવારા |
| ૩૧૪ | એમએસડબલ્યુ.એમબીએ.એચઆર(લંડન) | ૧-૪-૮૫ | - | સીએનઆઇ | કુંવારા |
| ૩૧૬ | ડીપ્લો.ઈલે.એન્જી.બીબીએ(લંડન) | ૧૧-૬-૮૬ | ૧ લાખ | આર.સી. | કુંવારા |
| ૩૨૩ | બીએસસી.પીજીડીસીએ.આઈબીએમ(અમેરીકા) | ૨૬-૧૦-૭૫ | ૩ લાખ | મેથો. | કુંવારા |
| ૩૨૭ | એમએસ કોમ્પ્યુ.એન્જી.(અમેરીકા) | ૨૨-૧૦-૮૪ | ૩ લાખ | આર.સી. | કુંવારા |
| ૩૨૮ | ડીપ્લો.ઈન ઈલે.એન્જી.બીબીએ અમેરીકા. | ૭-૮-૭૯ | ૩૦૦૦૦ | આઇ.પી. | કુંવારા |
| ૩૩૩ | એમએસસી.(એગ્રી)હોર્ટી.(ઓસ્ટ્રેલીયા) | ૫-૭-૮૧ | ૬૦૦૦૦ડોલર | આર.સી. | કુંવારા |
| ૩૧૫ | ૧૨પાસ.આઈટીઆઇ(ટર્નર)(આફ્રિકા) | ૩-૭-૮૩ | ૪૦૦૦૦ | આર.સી. | કુંવારા |
| ૩૩૮ | એમએ.(સીંગાપુર થી ઓસ્ટ્રેલીયા) | ૧૬-૧-૮૦ | ૭૦૦૦૦ | સા.આર્મી. | કુંવારા |
| ૩૪૫ | એસએસ એન્જી.બીઇ સમકક્ષ,ઈસી.(અમેરીકા) | ૨૬-૬-૮૭ | - | આર.સી. | કુંવારા |
| ૩૪૭ | એમએસ ઈન સોફ્ટવેર એન્જી.બીએસઈન્ફો.(અમેરીકા) | ૧૩-૩-૮૭ | - | સા.આર્મી. | કુંવારા |
| ૩૫૧ | બીઈ ઈલેક્ટ્રીકલ એન્જી. એનર્જી સીસ્ટ ટેક.(કેનેડા) | ૧૪-૧૨-૮૮ | ૪૦૦૦ડોલર | સા.આર્મી. | કુંવારા |
| ૧૪૨ | એમબીબીએસ.એમડી. | ૧૨-૧-૮૭ | - | આર.સી. | કુંવારા |
| ૨૧૬ | એમબીબીએસ. | ૧૪-૮-૮૬ | ૨૮૦૦૦૦ | સા.આર્મી. | છુટાછેડા |
| ૧૮૯ | ડીપ્લો.મીકેએન્જી.એએસક્યુ.સર્ટી.ઓડી.(અમેરીકા) | ૨૭-૪-૭૩ | - | અલાયન્સ | છુટાછેડા |
| ૧૯૮ | પોસ્ટ ગ્રેજ્યુ.પીએફપીસી(કેનેડા) | ૨૧-૮-૮૦ | ૪૦૦૦ડોલર | આર.સી. | છુટાછેડા |
| ૨૦૨ | એમબીબીએસ.એમડી. | ૨૯-૭-૭૭ | ૧૨૫૦૦૦ | આર.સી. | છુટાછેડા |
| ૨૨૬ | બીકોમ.એમબીએ.ડીપ્લો.બીઝ.મેને. (ઓસ્ટ્રેલીયા) | ૨૩-૫-૮૧ | - | સીએનઆઇ | છુટાછેડા |
| ૨૪૦ | બીએસસી.(અમેરીકા) | ૨૩-૭-૭૧ | - | સા.આર્મી. | છુટાછેડા |

## ★ યુવતીઓ (૩૪) ★

| | | | | | |
|---|---|---|---|---|---|
| ૨૧૮ | એન્જીનીયર(માસ્ટર ડીગ્રી) કેનેડા | ૫-૧૨-૬૮ | ૫૦૦૦૦ | સીએનઆઇ. | કુંવારા |
| ૨૨૧ | ફીઝીયોથેરાપીસ્ટ(અમેરીકા) | ૧૮-૮-૮૧ | ૪ લાખ | આર.સી. | કુંવારા |
| ૨૩૩ | એમકોમ. એમબીએ(લંડન) | ૧૭-૧૦-૯૪ | - | મેથો. | કુંવારા |
| ૨૪૫ | એમબીએ.એકાઉન્ટ.એમબીએ ફાયનાન્સ(અમેરીકા) | ૨૫-૨-૮૭ | ૫૦૦૦ડોલર | મેથો. | કુંવારા |
| ૨૬૨ | એમએસડબ્લુ.એલએલબી.(લંડન રીર્ટન) | ૨૫-૯-૮૫ | - | આર.સી. | કુંવારા |
| ૨૮૬ | બીકો.(અમેરીકા) | ૨૩-૧૧-૭૨ | - | આર.સી. | કુંવારા |
| ૨૮૯ | એમે(ઈગ્લીંસ)એમએ,માસ કોમ્યુ.(લંડન) | ૧૫-૧૧-૮૪ | ૧ લાખ | સીએનઆઇ | કુંવારા |
| ૨૯૯ | બીકોમ.સોફ્ટ.પ્રોગ્રા.ગર્વ.કોલ સેન્ટર(લંડન પરત) | ૨૮-૧૦-૮૩ | - | સીએનઆઇ | કુંવારા |
| ૩૦૨ | બીપીટી.ન્યુયોર્ક,પીએચડી ચાલુ.(ન્યુયોર્ક) | ૫-૭-૮૪ | ૩ લાખ | આર.સી. | કુંવારા |
| ૩૦૩ | એમએ..એમબીએ. (લંડન) | ૧૮-૯-૮૩ | ૭૦૦પાઉન્ડ | આર.સી. | કુંવારા |
| ૩૦૬ | એમએ,બીએડ.ડીસીએ,આઈટીઆઇ ઈલેક્ટ્રો.(યુકે) | ૩૦-૧-૭૫ | ૨૫૦૦ પા. | આર.સી. | કુંવારા |
| ૩૧૩ | બીઈ.(ભારત)એમબીએ ફાઈનાન્સ(અમેરીકા) | ૨-૬-૮૬ | - | આર.સી. | કુંવારા |
| ૨૨૬ | એમબીબીએસ.એમડી(માઈક્રો) | ૨૯-૧૦-૮૦ | ૬૦૦૦૦ | આર.સી. | કુવારા |
| ૨૪૧ | એમબીબીએસ.એમડી. | ૧૪-૧૨-૮૪ | ૩૫૦૦૦ | મેથો. | કુંવારા |
| ૨૫૨ | એમબીબીએસ.એમડી. | ૨૮-૯-૮૪ | ૮૫૦૦૦ | આર.સી. | કુંવારા |
| ૩૧૦ | બીએ.હોસ્પી.મેનેજ.તથા અન્ય.(અમેરીકા) | ૨-૨-૭૯ | ૨૦૦૦ડોલર | સીએનઆઇ | કુંવારા |
| ૧૪૨ | બીએસસી(નર્સીંગ) | ૧-૯-૭૩ | - | મેથો. | છુટાછેડા |
| ૧૦૪ | બીએ. નર્સીંગ(અમેરીકા) | ૨૦-૪-૭૬ | - | સા.આર્મી. | છુટાછેડા |
| ૨૯૭ | એમબીએ (ઓસ્ટ્રેલીયા) | ૨૦-૮-૮૯ | - | સા.આર્મી. | કુંવારા |

### ઇન્ટરનેશનલ જીવનસાથી પસંદગી કેન્દ્ર

**ડાયરેકટરશ્રી ભાઇલાલભાઇ એસ.ટેલર,**

**પાર્ક સ્ટ્રીટ,મેથોડીસ્ટ નર્સીંગ સ્કુલ સામે,મિશન રોડ,**

**નડીયાદનો સંપર્ક કરવો.** તેમના ફોન નં. **૯૮૯૮૩૧૮૬૮૫, ૯૭૧૪૫૧૮૩૬૭** છે

E.mail :salem-bhailalbhai@yahoo.com

(૧) રજીસ્ટ્રેશન ફી રૂ.૫૦, રૂ ૧૦૦ તથા વિના મુલ્યે યોગ્યતાના ધોરણે લેવામાં આવશે.
(૨)આર્થિક રીતે નબળા વિધવા કે બેરોજગાર વ્યક્તિઓ પાસેથી રજીસ્ટ્રેશન ફી લેવામાં આવતી નથી.તેમજ આવી વ્યક્તિઓ જીવનસાથી પસંદગી કેન્દ્રની રૂબરૂ મુલાકાતે આવશે તો પસંદગી કેન્દ્ર તરફથી તેમને ભાડા પેટે વધુમાં વધુ રૂ ૩૦-૦૦ આપવામાં આવશે.(૩)રજીસ્ટ્રેશન ફી સિવાય લગ્ન પહેલાં કે પછી કોઈપણ જાતની ફી કે નાણાં લેવામાં આવતાં નથી.(૪)લગ્નવાંચ્છુક યુવક - યુવતીઓના બાયોડેટા વિનામુલ્યે જાહેરાત તથા ઈન્ટરનેટ પર મુકવા સંપર્ક કરવો.(૫)visit by appointment only

# કોલકત્તાના ઇડન ગાર્ડન ખાતે રોહિત શર્માની રનોની આતશબાજી -બીજી બેવડી સદી



કોલકત્તાના ઇડન ગાર્ડન ક્રિકેટ મેદાનમાં ભારત અને શ્રીલંકા વચ્ચે રમાઇ રહેલ એક દિવસીય આંતરરાષ્ટ્રીય ક્રિકેટ મેચમાં ભારત તરફથી ઓપનીંગમાં બેટીંગ કરવા આવેલ રોહિત શર્માએ બેવડી સદી ફટકારીને બેવડી સદીની ડબલ નોધાવીને વિશ્વ વિક્રમ રચ્યો હતો.જોકે શરુઆતના તબક્કામાં રોહિત શર્માનો કેચ થિસારા પરેરાથી છુટી ગયો હતો જ્યારે તે વ્યક્તિગત ચાર રનના સ્કોર પર હતો. આ જીવતદાન શ્રીલંકાને ખુબ મોઘું પડ્યું હતું.ભારતે રોહિત શર્માની બેટીંગને કારણે ૪૦૦ રનનો ખડકલો કર્યો હતો.રોહિત શર્માએ તેની બેવડી સદીમાં ૨૬૪ રનનો કિર્તિમાન સ્થાપિત કર્યો હતો.રોહિતની બેટીંગે ઇડન ગાર્ડન પર આવેલ પ્રેક્ષકોને ખુશ કરી દીધા હતા.

રોહિત શર્માએ બેવડી સદી કરવાની સાથે અનેક કિર્તીમાનો સ્થાપીત કર્યા હતા.જો કે ઇંગ્લેન્ડના પ્રવાસ દરમિયાન થયેલ ઇજાને કારણે ટીમમાંથી બહાર થઇ ગયેલ રોહિતને શ્રીલંકા સામે બાકી રહેલ બે એક દિવસીય મેચો રમવા માટે સામેલ કરવામાં આવ્યો હતો.જેમા શ્રીલંકા સામેની ચોથી વનડેમાં તેણે બેવડી સદી નોધાવી હતી.બે વખત બેવડી સદી વનડે માં નોધાવનાર તે એક માત્ર વિશ્વનો ખેલાડી બની ગયો હતો. આ અગાઉ તેણે ગત વર્ષે ઓસ્ટ્રેલીયા સામે બેવડી સદી નોધાવી હતી. એક દિવસીય આંતરરાષ્ટ્રીય મેચોમાં બેવડી સદી નોધાવનારા ખેલાડીઓમાં બધાજ ખેલાડીઓ ભારતના છે.જે પૈકી એક વિરેન્દ્ર સહેવાલ અને એક સચીન તેદુલકર છે જેમણે બેવડી સદી નોધાવી છે.

# મારો મલક મારે જોવો છે

છતાંય વરસાદ આવે અને મારા ડુંગરા,વનો ખીલી ઉઠે,ડુંગરાઓમાં બાંધેલા ઘરો પરાણે વહાલા લાગે તેવા મારા મલક, તું ગમે તેવો હશે મારો મલક છે.તારુ આકર્ષણ છુપાવ્યું છુપાતું નથી.મારા મલક, મારે તને હજીય કેટકેટલી રીતે -ભાતે જોવાનો છે.ચુંટણીની મોસમ પુરજોશમાં ખીલી હતી. ત્યારે નેતાઓ પણ જીત હાંસલ કરવા ચુંટણીપ્રચારના કાર્યમાં જોતરાઇ ગયા હતા.શેરીએ શેરીએ નેતાઓના પોસ્ટરો અનો પાર્ટીના ચિહ્નોવાળાં તોરણો ઝુલવા લાગ્યા હતા. ઘેર ઘેર લોકસંપર્ક કકરાયો હતો. એવી સીઝનમાં નેતાઓમાં માનવતા છલકી પડતી હોય છે. પાછલા પાંચ વર્ષોમાં શોધ્યા ન જડતા નેતાઓ હૃદયપુર્વક સૌને મળવા અધીરા બની જાય છે.ઠેર ઠેર સ્નેહસંમેલનો યોજાવા લાગે છે.ચુંટણીઓ ગઇ. પાછુ ઠેરનું ઠેર,નવી પેઢીના નેતાઓ ગાયબ ન થઇ જાય એ જોવાનું રહે છે.

આજે વિકાસની વાતો ચોતરફ ગુંજી રહી છે.વિકાસનો ઢોલ વાગી રહ્યો ચે. ત્યારે મનમાં ઘણા પ્રશ્નો સળવળી ઉઠે છે માત્ર શહેરોના વિકાસની તસવીર જોઇને વિકાસ થયો છે તેમ ન કહી શકાય, સાચી તસવીર છેક છેવાડાના ગામડે જઇએ ત્યારે મળે . વિકાસની વાસ્તવિક તસવીર તો ગામડાઓમાંથી જ મળે. કેમકે સાચું, ભારત ગામડામાં જીવે છે.દુનિયાની સંસ્કૃતિઓથી બદલાતાં રહેતાં શહેરો નહી, આદીવાસીઓ દેશના મોટાભાગના ગામડાઓમાં વસેછે.

સરદાર સરોવર ડેમ પર્યટન માટે ખુબ જાણીતો બન્યો છે. દેશભરમાંથી લોકો આ સ્થળની મુલાકાત લેતા હોય છે.સ્ટેચ્યુ ઓફ યુનીટીની વાતો બુલંદ બની છે. ખરેખર મનમાં વસવસો થાય છે ગ્લાનિ પેદા થાય છે. આ ડેમનું પાણી છેક સોરાષ્ટ્ર સુધી પહોચતું હોય તો ડેમની સાવ ગોદમાં બેઠલા દેડિયાપાડા વિસ્તારમાં કેમ પહોચતું નથી ?આ વિસ્તારની ખેતી વરસાદ પર આધારિત છે. દિવાળી પછી આદિવાસી ભાઇબહેનો શહેરના શરણે ચાલ્યા જાય છે. શહેરમાં કાળી મજુરી કરી વરસાદના આગમને પોતાના માદરે વતન પરત ફરે છે. ત્યારે સ્મશાન જેવું ગામડું પાછું જીવંત બની જાય છે.ગામડાના લોકોના ટોળેટોળાં બસ સ્ટેશનમાં સામાન-પોટલાં સાથે ઉભરાતાં હોય છે. ઉનાળાની ઋતુમાં આ વિસ્તારમાં ધરતીની કાયા સાવ બદલાઇ જાય છે. સુકોભટ વિસ્તાર જોઇને કોઇ વ્યક્તિને એમ થાય કે હું અજાણતા રણ પ્રદેશમાં ભુલો તો નથી પડ્યોને ? સાહિત્યમાં નિરૂપાતું ગોકુળિયુ ગામડું વેરાન ભાસે છે.જ્યાં પીવાના પાણીનાં સાંસા છે ત્યાં જીવે તો જીવેય કેવી રીતે ?

ગામડાં સાથે યોજના શબ્દ જોડાયેલો છે.પણ તે માત્ર દિવાલ પર ચમકતી તકતી જ બનીને રહી જાય છે. પાણીની ટાંકી છે પણ જર્જરિત મૃત હાલતમાં . ઘેર ઘેર પાણીના નળ પહોચ્યા છે પણ નળમાં પાણી આવતું નથી.પાકો રસ્તો બનાવવામાં આવે છે પણ બે મહિનામાં ઠેર ઠેર ખાડાઓનું સામ્રાજ્ય. રસ્તો જાણે મહેમાન તરીકે આવીને ચાલ્યો ગયો હોય. સરકારી બસ ગામમાં આવે ખરી પણ એનો મુડ હોય ત્યારે વીજળીનુંય એવું.વળી તે મોઘીય એટલી કે તેને વાપરતાં ઝાટકો લાગે.ક્યારેક હેન્ડપંપ લોકો માટે તારણહાર સાબિત થતો હોય છે. કારણકે પીવાનું પાણી,કપડાં,વાસણ, પ્રસંગો વેળા, જાનવરો વગેરે માટે આ હેન્ડપંપનો ઉપયોગ થતો હોય છે.પણ કેટલાંય કુટુંબો વચ્ચે એકજ હેન્ડપંપ છે. છતાંય વરસાદ આવે અને મારા ડુંગરા વન ખીલી ઉઠે.ડુંગરાઓમાં બાંધેલા ઘરો પરાણે વહાલાં લાગે તેવા મારા મલક, તું ગમે તેવો હશે તોય મારો મલક છે.તારુ આકર્ષણ છુપાવ્યું છુપાવ્યું નથી.મારા મલક, મારે તને હજીય કેટકેટલી રીતે-ભાતે જોવાનો છે. લેખક :મથુર વસાવા

નોંધ :- લેખક ઉના -સોમનાથ ખાતે આવેલ સેન્ટ જોસેફ હાઇસ્કુલમાં શિક્ષક છે.તેના હૃદયમાં ભારે દુઃખ છે કારણકે નકશામાં ગુજરાતના વિકાસના જે કંઇ ગાણા ગવાઇ રહ્યા છે તે દષ્ટિએ તેમના મુલકને શું મળ્યું ? ત્યાં લોકોની જીવન જરુરીયાત માટે પીવાનું પાણી ઉપલબ્ધ નથી. નળ નંખાયા છે પણ તેમના પાણી આવતું નથી.રસ્તાઓ તૈયાર થાય અને બે મહિનામાં હતા નહતા થઇ જાય.સરકારી તંત્રની ભ્રષ્ટતાએ ગામડાના વિકાસમાં રોઢાં નાંખ્યા છે.માત્ર શહેરોમાં થઇ રહેલો વિકાસ એ ગુજરાતનો વિકાસ નથી.જ્યાં સુધી દરેક ગામડાનો વિકાસ તેમજ તેની પાણી, મકાન, વિજળી અને રોજગારીની વ્યવસ્થાની સમસ્યાનો ઉકેલ નહીં આવે ત્યાં સુધી ગામડાનો વિકાસ થયો ગણાશે નહી.

નર્મદા ડેમ બાજુમાં છે તે ડેમની આજુબાજુના વિસ્તારોને તો ભરપુર પાણી મળવું જોઇએ તે સહુ પ્રથમ જરુરીયાત છે.તેમજ તેમનો હક્ક છે. કારણકે નર્મદા ડેમ બનવા પાછળ આ વિસ્તારના અનેક લોકોએ ભોગ આપ્યા છે.તો તેમણે પણ પાણીથી વંચિત કરી દેવાયા તે કેટલું અજુગતું છે.ગુજરાત સરકાર અને ગાંધીનગરની ઠંડક આપતી ઓફીસોમાં બેઠા બેઠા વિકાસની ગુલબાંગો પોકારતા સત્તાધીશો જાગે તે જરુરી છે.લેખક તો પોતાની હૈયા વરાળ ઠાલવી છે કારણકે તેઓ કલમનો ઉપયોગ સમજ્યા છે.પરંતુ જેઓ કલમનો ઉપયોગ નથી જાણતા તેવો એક વિશાળ વર્ગ છે.તેની સમસ્યાનો ઉકેલ કોણ લાવશે?


**વિનંતી**

**તમારી પ્રાર્થનામાં અમારી સેવાઓને ખાસ યાદ રાખશો.**

**AGNELO FREE MARRIAGE SERVECES, INDIA**

agnelofreemarriagebureau@gmail.com.
parmar_kanu2002@yahoo.co.in
http://jagadishchristian.com/
Conact No.0091 9824489344,
(R)0091-2692-260332

**જાહેર ખબરના ભાવ**

| | | | |
|---|---|---|---|
| આખુ પાન | રૂ.૫૦૦૦ | અર્ધુ પાન | રૂ.૨૫૦૦ |
| ૧/૪ પાન | રૂ.૧૨૫૦ | ૧/૮ પાન | રૂ. ૬૦૦ |
| વાર્ષિક પેનલ | રૂ.૫૦૦૦ | માસિક પેનલ | રૂ.૧૮૦૦ |

ટચુકડી જાહેરાત રૂ.૩૦૦

વ્યવસાયિક જા.ખ. રૂ.૬૦ કો.સે.મી.

આપની કોઇપણ પ્રકારની જાહેર ખબરો સંપૂર્ણ વિગત સાથે મોકલી આપી , વિશાળ વાચક વર્ગ સુધી પહોંચાડો.જાહેરખબર દર મંગળવારે કાર્યાલય પર પહોંચાડવી

સંપર્ક : ૯૮૨૫૧ ૬૯૩૮૯, ૦૭૯-૬૫૨૧૪૭૫૯

સેરેના ચેરીટેબલ ટ્રસ્ટ સંચાલિત

**કેર કોમ્પ્યુટર સેન્ટર**

ફક્ત રૂ. ૨૦૦/-માં કોમ્પ્યુટર શિક્ષણ...સાથે ઇંગ્લીશ સ્પીકીંગ ફ્રી. માત્ર બહેનો માટે જ ચાલતો કોમ્પ્યુટર કલાસ,

કોમ્પ્યુટરમાં સાક્ષર બની ઉજ્જવળ ભવિષ્ય બનાવો.

**હેડ ઓફિસ** :- ૧૧, તેજેન્દ્ર કોમ્પ્લેક્ષ, હાટકેશ્વર સર્કલ પાસે, હાટકેશ્વર, અમરાઇવાડી, અમદાવાદ-૩૮૦૦૨૬.મો. નં:૯૯૨૫૨૭૪૧૭૫

**બ્રાન્ચ ઓફિસ** : ૧૪ સેલર, સરદાર કોમ્પ્લેક્ષ, સમજુબા સ્કૂલ સામે, ગોવિંદવાડી, ઇસનપુર અમદાવાદ.મો. નં:૯૮૯૮૦૭૨૮૮૧

**લગ્ન વિષયક**

ખ્રિસ્તી શાસાનુસાર અધિકૃત લગ્નવિધિ કરાવનાર

**ગીડીયોન પોલ પરમાર**

(ગર્વ.મેરેજ રજીસ્ટાર)

નં. ૯, કનાન સોસાયટી, મેથોડિસ્ટ ચર્ચ સામે, આણંદ

૦૨૬૯૨-૨૫૦૯૬૯
મો.૯૯૨૪૨૦૫૫૦૫, ૯૭૨૩૩૩૨૩૯૬

# લગ્ન અને છુટાછેડા અંગેના કાયદાઓમાં ફેરફાર કરવા કેન્દ્ર સરકારે કવાયત હાથ ધરી

કેન્દ્ર સરકારે અસરકારક રીતે વપરાશમાં આવતા ના હોય તેવા કાયદાઓ ધરમુળમાંથી કાઢી નાંખવાની કવાયત કરી અને સાથે સાથે કેટલાક કાયદાઓમાં સુધારાઓની આવશ્યકતા છે તેને સુધારવાની પણ કવાયત હાથ ધરી છે. તેમાં લગ્ન અંગેના કાયદાઓમાં કેટલાક મહિલાલક્ષી સુધારાઓ લાવવા માટે સંસદમાં એક બિલ લાવવાની તૈયારી કરી દીધી છે.

લગ્ન ટકી ન શકે તેવી સ્થિતિ હોય તો જ બંન્ને પક્ષોને છુટાછેડા માટે અરજી કરવાની રહેશે તેવી જોગવાઈનો પણ સમાવેશ કરવામાં આવ્યો છે.જો કે છુટાછેડા માટે આવતી અરજીઓમાં સ્થિતિ વણસે એટલે છુટાછેડાની સ્થિતિ આવે છે. જો કે બહુ ઓછા કેસો માં સમાધાન શક્ય બને છે પરંતુ જ્યાં સબંધોની તિરાડો વધુ પહોળી બની હોય ત્યાં અન્ય કોઈ અવકાશ રહેતો નથી.

કાયદા મંત્રાલયે મેરેજ લોઝ(એમેન્ડમેન્ટ) બિલ આંતર મંત્રાલયને મસલતો માટે મોકલી આપ્યું છે.તેનો અભિપ્રાય મળ્યા બાદ નવા નિમાયેલા કાયદા મંત્રી સદાનંદ ગોવડા અતિમ મંજુરી માટે દરખાસ્ત કેદ્રીય મંત્રીમંડળને મોકલશે.

આ મુસદામાં લગ્નના કાયદામાં છુડાછેડાના કિસ્સામાં પતિની સ્થાવર સંપત્તિમાંથી પત્નિ અને બાળકોને પુરતું વળતર આપવા સહિત અને પગલાંનો સમાવેશ કરવામાં આવ્યો છે.જો કે વળતરની રકમ કોર્ટ નક્કી કરશે.હવે છુટાછેડાના કાયદાના લાંબા સમયથ ચાલતા કાયદાકીય યુધ્ધનો અંત લાવવાની જોગવાઈ સાથે કાયદા મંત્રાલયે એવી દરખાસ્ત કરી છે કે જો બેમાંથી એક ભાગીદાર પરસ્પર સંમતિથી છુટાછેડા માટે બીજી સંયુકત્ અરજી ન મુકે તો કોર્ટોને ત્રણ વર્ષબાદ છુટાછેડા આપી દેવાની સત્તા રહેશે.

એવી પણ દરખાસ્ત કરાઈ છે કે એક વખત લગ્નનો કાયદેસરરીતે અંત આવે પછી કોર્ટોને પતિના વારસાઈ અને બિનવારસાઈ મિલ્કતમાંથી પત્ની અને બાળકોને વળતરની રકમ નક્કી કરવાની સત્તા આપવામાં આવે છે.આ માટે ૧૩(એફ)ની નવી કલમ ઉમેરવામાં આવશે.હાલના કાયદામાં છથી ૧૮ મહિનાનો વેઈટીંગ પીરીયડ કે કુંલીગ ઓફ પીરીયડ છે એ પછી જ બંન્ને પક્ષો પરસ્પર સંમતિથી છુટાછેડા માટે અરજી કરી શકે છે.

પ્રથમ પાનાનું ચાલુ

નેશનલ કો.ઓર્ડીનેટર ઓફ નેશનલ કાઉન્સીલ ઓફ દલિત ક્રિશ્ચિયને જણાવ્યું હતું કે અમેરિકામાં બ્લેક ચર્ચો અસ્તિત્વમાં આવ્યા તેનું કારણ એ હતું કે આફ્રિકન અને અમેરિકનો તેમના હક્કો માટે અને ન્યાય માટે લડતાં હતા.અને તેથી તેઓ તેમનું અલગ અસ્તિત્વ ઉભુ કરે તે જરુરી હતું.તેજ પ્રમાણે ભારતના દલિતો માટે કરવામાં આવ્યું છે.

દલિત ખ્રિસ્તીઓ કે જેમણે ઈસુના નામને લીધે ખુબજ સહન કરવું પડયું છે.ભારતમાં તેઓને ભારતીય ખ્રિસ્તીઓ તરીકે ખુબજ સતાવણી ભોગવવી પડી છે.તેઓએ ઈસુના નામને લીધે પોતાનું લોહી વહેવડાવ્યું છ.અમો કોઈ ધર્મના નામે લડત ચલાવવામાં માનતા નથી. પરંતુ અમો જાતિવાદના નામે ચાલી રહેલ અસમાનતા દુર થાય માટે લડત ચલાવીએ છીએ.આ દુષણ માત્ર અન્ય ધર્મોમાં જ નથી પરંતુ ખ્રિસ્તીઓમાં પણ છે.

બીજા ભાગમાં રેવ મનમદન,પાસ્ટર,તામીલનાડુંએ વેલકમ સંદેશો પાઠવ્યો હતો.આ પ્રસંગે બોલતા આસી. પ્રોફેસર ડો. વિનોદ સી.વી એ જણાવ્યું હતું કે ધાર્મિક સ્થળો પણ અલતાવાદનું પોષણ કરનારા જન્મસ્થાનો છે.આ દુર થવું જોઈએ.આપણા માટે આપણે કંઈ બોલવાનું નથી.તેથી ચર્ચ દલિતો બાબતે પોતાનું પ્લેટફોર્મ પરથી જણાવશે.

# વાયરલ ઈન્ફેકશનના દર્દીઓને એન્ટીબાયોટીક દવાઓ ન આપવા તબીબોને અપીલ

ઈન્ડીયન મેડિકલ એસોસિએશને તબીબોને શરદી-તાવ કે વાયરલ ઈન્ફેકશનના દર્દીઓને એન્ટીબાયોટીક દવાઓ ન આપવા અપીલ કરી છે. વાસ્તવમાં દેશમાં આ દવાઓનો ઉપયોગ આડેધડ કરવામાં આવી રહ્યો છે.જેનાથી આવનારા સમયમાં જોખમની સ્થિતિ સર્જાઈ શકે છે.

બેકટેરીયા અને અન્ય સુક્ષ્મ જીવ આ દવાઓ સામે પ્રતિરોધક ક્ષમતા વિકસિત કરી લેશે જેનાથી આ એન્ટીબાયોટીકસ નકામી બની જશે. આ મોટા જોખમ અંગે ભારત સફાળ્યું જાગ્યું છે.તબીબોના સ્વયંસેવી સંગઠન ઈન્ડીયન મેડીકલ એસોસીએશન એ દેશભરમાં એક અભિયાન શરુ કરવાનો નિર્ધાર કર્યો છે.આઈએમએ તબીબોને પણ કહેશે કે તેઓ તાવ-શરદી કે સામાન્ય વાયરલ બીમારીઓ માટે તરત એન્ટીબાયોટીક ન આપી દે, આઈએમના મહાસચિવ ડોકટર નરેન્દ્ર સૈનીએ કહ્યું હતું કે બેકટેરીયાએ એ શીખી લીધું છે કે તેમને જીવિત કેવી રીતે રહેવું.



# ઈસ્લામીક ત્રાસવાદીઓએ એક માનવતાવાદી અમેરિકન કાર્યકરની કતલ કરી

તાજેતરમાં ઈસ્લામીક સંગઠન ઈસીસ દ્વારા એક અમેરિકન ભુતપુર્વ સૈનિકની કરપીણ હત્યા કરવામાં આવી તેનો વિડીયો ઈસીસના વડાએ જારી કર્યો.જેમાં આ સૈનિકનું ધડથી માથુ અલગ કરી દેવાતું દર્શાવાયું હતું. પીટર કેસીંગ નામની આ અમેરિકન વ્યક્તિ જીવનનો ધ્યેય શોધવા માટે મીડલ ઈસ્ટમાં ગયો હતો.ત્યાં જઈને તેણે મુસ્લીમ ધર્મનો અંગીકાર કર્યો હતો. અને અબ્દેલ રહેમાન નવું નામ ધારણ કર્યું હતું.પરંતુ ધર્માંતરણ કર્યા બાદ પણ તેને પોતાના જીવનનો મકસદ માલુમ પડતો નહોતો.તેને કારણે તે સીરીયામાં પહોચ્યો હતો. અને લડાઈના સમયમાં શરણાર્થીઓને મેડીકલ મદદ કરતો હતો.ઈરાકની અંદર અમેરિકન સૈનિક તરીકે કાર્ય કરતો હતો ત્યારે જ તેના છુટાછેડા થયા હતા.કેસીંગની ઉમર ર૬ વર્ષની હતી.અને તે ઈન્ડીયનપોલીસનો વતની હતો.તે એક માનવતાવાદી કાર્યકર તરીકે સીરીયામાં કાર્ય કરી રહ્યો હતો.ઈસીસી દ્વારા તેનુ ૧ ઓકટો.૨૦૧૩માં અપહરણ કરાયું હતું.આ બાબત તેના કુટુંબીજનો જેઓ ફેસબુક પર તેનું પેજ ઓપરેટ કરે છે તેમા તેમણે જણાવ્યું હતું.

તે સીરીયામાં અસરગ્રસ્ત વિસ્તારોમાં એબ્યુલન્સમાં બેસીને વૈદકીય સારવાર અને દવાઓ પુરી પાડવા માટે કાર્યવાહી કરતો હતો.તેના કુટુંબીજનો તરફથી તેના મોત માટે દિલસોજી વ્યક્ત કરતાં જણાવ્યું હતું કે તેને સીરીયાના લોકો માટે ખુબજ પ્રેમ હતો.કારણકે તેઓ એક ભયાનક પરિસ્થિતિમાંથી પસાર થઈ રહ્યા હતા.જુન ૨૦૧૨માં તેણે સીએનએન ચેનલને આપેલ એક ઈન્ટરવ્યુંમાં તેણે સીરીયામાં ભયાનક પરિસ્થિતિમાં ખતરા સામે પોતાની જાતને જોખમમાં મુકી છે તે બાબતે જણાવ્યું હતું.પરંતુ ઈસીસના ત્રાસવાદીઓએ સીરીયા અને તેની આસપાસના વિસ્તારોમાં આવા કાર્યકરોને વીણી વીણીને મારી નાંખવાનું કાર્ય કર્યું છે.જેથી લોકોમાં એક ભય પેદા કરી શકાય અને લોકો તેમને તાબે થાય. આ માનવતાવાદી કાર્યકરની હત્યાની સાથે સાથે સીરીયા માટે લડી રહેલ ૧૮ જેટલા સૈનિકોનો પણ કરપીણ રીતે વધ કરી દેવાયો છે. અને તેનો પણ વિડીયો જારી કરવામાં આવ્યો હતો.

આંતરરાષ્ટ્રીય સમુદાયે હવે આ બાબતે વધુ ગંભીર બનીને ઈસીસ સામે વધુ કડક પગલાં લેવાનો સમય આવી ગયો છે. આમ ને આમ તેઓ અનેક નિર્દોષ લોકોને તેમની કાયરતાનો અને બર્બરતાનો શિકાર બનાવતા રહેશે અને તેના ક્રુરતાપુર્વક આચરેલા કાર્યોને લોકો સમક્ષ મુકીને ભય ઉભો કરવા માટે પ્રેરણા આપશે.જેથી તેમની સામે કડક કાર્યવાહી કરવી જરુરી છે.


ખુશ ખબર.. ખુશ ખબર.. ખુશ ખબર...

ખ્રિસ્તી સમાજ માટે બી.પી ઈન્સ્ટુમેન્ટ, ગ્લુકોમીટર, થર્મોમીટર, સ્પાઈરોમીટર તેમજ કોઈપણ સર્જીકલ આઈટમો તદન વ્યાજબી ભાવે મળશે.

**અમી સર્જીકલ**

૧૩,સહયોગ પાર્ક -૧,ન્યુ ગામડી રોડ,આણંદ.૧

**જય ક્રિશ્ચિયન** મો.:૯૮૨૪૩૬૨૪૬૨-૮૨૩૮૦૦૧૯૮૯

**ગ્લોરી કેટરીગ સર્વીસ**

આપને ત્યાં ઉજવાતા માંગલિક પ્રસંગો જેવાકે સગાઇ, લગ્ન, રિસેપ્સન, બર્થડે પાર્ટી તથા નાના મોટા જમણવારોમાં જમણ અંગેની તમામ વ્યવસ્થા વ્યાજબી ભાવે કરી આપીશુ.
શુધ્ધ, સાત્વીક,સ્વાદિષ્ટ રસોઇ માટે એકવાર મુલાકાત ગોઠવો અને નિશ્ચિત બની આપના પ્રસંગનો અનેરો આનંદ માણો

ચિંતા વગરનો પ્રસંગ એ જ પ્રસંગનો આનંદ

સંપર્કઃ જહોન એમ.મેકવાન

૮/૪૪,આશા એપાર્ટ,કિરણ પાર્ક પાસે,નવા વાડજ,અમદાવાદ-૧૩
ફોન નં.૨૭૫૫૯૦૮૩ મો,૯૩૭૫૨૦૯૯૨૪

**જાહેર ખબર તથા લવાજમના એજન્ટ**

શ્રી આર.એન.રાજગુરુ
નગર ગેઈટ,જામ-ખંભાળીયા
જી.જામનગર
ફોન નં.૯૯૦૯૮૪૭૭૮૭,
૯૯૦૯૩૪૭૭૮૭

શ્રી ભુપેન પરમાર,
આંબેડકરનગર,ઈશ્વરકૃપાનિવાસ સામે,નાના મહુવા,
કાલાવડ રોડ,રાજકોટ-૫
ફોનઃ ૯૯૨૫૦૬૭૮૫૩

શ્રી પિયુષભાઈ એ. પટેલ,
૧૦૬,સજની એપાર્ટ,દલાલસ્ટ્રીટ,
ફતેહગંજ,વડોદરા-૩૯૦ ૦૦૨
મો.૯૯૯૮૯૯૮૮૪૨

**ઇન્ટરનેશનલ જીવનસાથી પસંદગી કેન્દ્ર**

- દેશ,વિદેશ તથા ડીવોર્સી પાત્રો માટે જીવનસાથી પસંદગી કેન્દ્ર
- આર્થિકરીતે નબળા,વિધવા કે બેરોજગાર યુવતીઓ પાસેથી
- રજીસ્ટ્રેશન ફી લેવામાં આવતી નથી.
- રજીસ્ટ્રેશન ફી સિવાય કોઇ ફી લેવાતી નથી.
- ફોટોગ્રાફ સાથેનો બાયોડેટા પોસ્ટથી મોકલી શકાશે.
- રજીસ્ટર લગ્ન તથા સમુહ લગ્ન માટેની વ્યવસ્થા મળી શકશે.
- લગ્નવાંચ્છુ યુવક-યુવતીઓના બાયોડેટા ઇન્ટરનેટ પર વિના મુલ્યે મુકી શકાશે.
- સ્વરોજગાર માટે વિના મુલ્યે સિલાઇ મશીન મેળવવા સંપર્ક કરવો
- ઇઝરાયેલની પવિત્રભુમિના પ્રવાસના પુસ્તકો મળશે.

સંપર્ક :-શ્રી ભાઇલાલભાઇ એસ.ટેલર
પાર્ક સ્ટ્રીટ,મેથો નર્સીંગસ્કુલ સામે.મિશન રોડ,નડીયાદ.
મો.૯૮૯૮૩૧૮૬૮૫. ૯૭૧૪૫૧૮૩૬૭


તંત્રીઃ પ્રશાંત ધોળકીયા, મુદ્રક, પ્રકાશક, માલિક, રોબિન ધોળકીયા, ધર્મેશ પ્રિન્ટોરીયમ, નવી પોળ શાહપુર અમદાવાદ ૧ થી છાપી,
૨/૧૦ સોનિયા એપાર્ટ. પી ટી કોલેજ રોડ, નારાયણનગર, અમદાવાદ-૭ થી પ્રસિદ્ધ કર્યુ.